દિવાળી

૭૬૦૪

પ્રસ્તાવના.

આ પુસ્તકની અંદર **દિવાળી દુઃખસાગર**નાં ગાયનો છે. તેનો પ્રસંગ વાંચતી વખતે સમજવામાં આવે તેટલા માટે તેની મતલબ સર્વ સુશીલ વાંચનારની રૂબરૂમાં સંક્ષેપથી નીચે લખવામાં આવી છે. **દિવાળી** નામની કોઈ એક ખુબ સુરત, ભણેલી, ડાહી, અને ચતુર બાળા હતી. તેનાં લગ્ન તેણીનાં માબાપે **લઘુચંદ** નામના માણુસ સાથે કર્યા હતાં. આ માણુસ ઘણોજ કદરૂપો, અભણુ, ફુવડ તથા ચોટ્ટો હતો. તેનાં મા, બાપને તે એકજ પુત્ર હોવાથી તેને લાડ લડાવી મોટો કર્યો પરંતુ તેનું મોટી ઉમરે શું પરિણામ આવશે તેનો વિચાર બિલકુલ કર્યોજ નહિ. આથી કરીને તેને ઘણાજ નઠારા માણસોની સંગત થઇ, જેઓ જુગટીઆ હતા. તે જુગટીઆઓની સાથે **લઘુચંદને** જુગટું રમતાં ઘણોજ આનંદ થવા લાગ્યો. આથી કરીને તેણે એક દિવસે પોતાની બેનનું તે જુગટીઆઓની શીખવણીથી ઘરેણું ચોર્યું. જેની જ્યારે તેની બેનને ખબર પડિ ત્યારે તેણીએ પોતાનાં માબાપને આ બાબતની જાણ કરી તેથી તેઓ પણ ઘણાંજ જુના વિચારનાં ને અબુઝ હોવાથી કાંઇ પણ તપાસ કર્યા વગર **દિવાળી ઉપર** તોહમત મુક્યું. આથી કરીને દહાડે દિવસે **દિવાળી**ના સાસરામાં ક્લેશ પેઠો. અંતે **દિવાળી**ના સાસુ, સસરા, નણંદે તેને તેણીને પીએર મોકલી દેવા ધાર્યું. રસ્તામાં તેને ઘણાં સંકટો પ[ડ્યાં]. તેની ગાડી લુટાણી, સાથેના મા-

ણુસો મરાયાં તથા પોતે એકલી સર્વેથી તજાએલી હોવાથી રડતી હતી, એ-વામાં એક ઘોડેસ્વારની તે નજરે પડવાથી તે તેણીને પોતાને મકા-ન લઈ ગયો. ત્યાં તેણીને સામે તેણે બળાત્કાર કરવાના ઉપાયો યો-જવા માંડ્યા, અંતે તે દારૂડીઓ હોવાથી દારૂ પીને જ્યારે બેભાન થયો ત્યારે દિવાળીએ ગુપ્તરીતે ત્યાંથી નાશી જવાનું ધાર્યું પણ ત્યાં વળી એક બે બીજા આ સ્વારના દોસ્તદારો આવી પહોંચ્યા અને તેણીને વળી સપડાવી. આથી કરી આવાં આવાં સંકટોમાંથી તે અંતે મોકળી થઇ વનમાં ભૂલી પડી જેથી એક તળાવના કિનારા પાસે આવી પોચી કે જે તળાવ તેના સાસરાના ગામના પાદરમાંજ હતું. આંહી લઘુચંદ વિગેરે તેના જુગારી દોસ્તદારો જુગટે રમતા હતા તે-માંથી તેણીએ પોતાના પતિનો સાદ સાંભળ્યો. પણ તે ત્યાં પોચી નહિ એટલામાં જુગારીઓમાંના એકે લઘુચંદનો, રમતમાં કાંઈ ક-જીઓ થઇ પડવાથી ઘાત કર્યો અને સંતાઈ ગયો. તેટલામાં દિવાળી ત્યાં પોતાનો પતિ જ્યાં હતો ત્યાં આવી પહોંચી પણ તેને તદ્દન મરી ગએલો દિઠો. આથી કરીને તેના મારનારનો શોધ કરવા મંડી એટલામાં તે મારનાર પાપી પણ પોતે જાતેજ રજુ થયો અને દિ-વાળીની સાથે પ્યાર કરવાનો ઈરાદો કરતો હતો એટલામાં દિવાળી-એ લઘુચંદને મારેલી કટાર તેના પેટમાંથી કાઢી તેને મારી નાંખ્યો. દિવાળીને ઘેર દિવાળીની માને એક રાત્રે એક સ્વપ્નુ આવ્યું કે જે-માં તેણે દિવાળીને એક તળાવના કિનારાપર ઘણીજ ખરાબ હાલ-તમાં દિઠી તેથી તે ત્યાંથી તેની ખોળમાં તળાવપર આવી ચડી ત્યાં તે બંને મળ્યાં. અને ત્યાં આગળ દિવાળીએ પોતાના ઉપર પડેલાં

દુઃખો નીવેદન કર્યાં તથા લઘુચંદનું મોત શી રીતે થયું તે પણ કહ્યું પછી પોતે પણ ત્યાં માબાપને આવું વગર વિચાર્યું તેણીનું સગપણ લઘુચંદ નામના માણસ સામે કર્યું એ વિગેરે ઠપકો દઈ પ્રાણઘાત કર્યો. ત્યાં લઘુચંદનો બાપ વિગેરે પણ આવી પહોચ્યા અને ત્યાં દિલગીરી ફેલાઇ. અંતે સઘળા ઘેર ગયા. આ તથા બીજી ઘણી ઘણી ચતુરાઈના યત્નો દિવાળીએ કર્યાછે તે વર્ણવ્યાછે. આની અંદરની ભૂલ ચુક જેઓ વાંચનારની નજરમાં આવે તે સુધારી વાંચશો. આ પુસ્તક ધારેલ મુદત્ત કરતાં જરા મોડું બહાર પડ્યું તેનું કારણ કે તેના પુરતાં ગ્રાહકો હજુ થયાં નથી અને ધારેલ ફારમ કરતાં ત્રણ ફારમ વધી પડયાં તેથી રચતાં પણ કાંઈ વિલમ થયોછે તો વાંચનાર સાહેબો પાસે અમે તેની માફી માગીએ છઇએ.

श्री नागरोत्कर्ष-ज्ञान कुसुम पुस्तकालय.

जामनगर.

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

श्री दीवाळी दुःखसागर.

मंगलाचरण.

અંક પહેલો—પ્રવેશ પહેલો.

સુત્રધારાદી પાત્રો. શાર્દૂળ વિક્રીડિત છંદ.

જે શંભૂ યહ[1] વિશ્વનું સરવદા, કલ્યાણકારી અને;
સૃષ્ટિ ઉત્પતિ કેરૂ કારણ પ્રીતિ, તે મૂળ [2]કંદર્પને;
આજ્ઞામાં વરતાવનાર ‡તુ રતિ, કેરા વિયોગી રવે;
ઊરે થૈ કરણાળુ દીધવરને, હોજો સદા સ્હાયીએ. ૧

રાગ ખમાચ.

સર્વેપાત્રો. (સુખ કર ધણી પ્રભુ સુરીનર ગાવે. એ ઢબ)
વરદ[3] બિરદ ધારી જય સુખકારીરે,
જય સુખકારી પ્રભુ જય સુખકારીરે. વરદ. ટેક.
વિશ્વના વિનોદ માટે રચના રચી છે ધાટે;
કષ્ટ સર્વ કાટે એવી કૃતિ ખુશકારીરે. વરદ. ૧
પ્રેરક પ્રતાપી બળ પ્રબળ અકળ કળ,

---

૧ આ. ૨ કામદેવ. ‡ પણ. ૩ વર આપનાર.

જળ સ્થળ સ્થળ પળ પળ ઉપકારીરે. વરદ. ૨
પોષણુ કારક પ્રભુ વિશ્વના આધાર વિભુ,
તારક તુજથી તરનારી સૃષ્ટિ સારીરે. વરદ. ૩
જ્ઞાયક વાયક મતિ દાયક છો સર્વ પ્રતિ,
સ્હાયક સદૈવ અર્જે લેશોજ સ્વિકારીરે. વરદ. ૪
પ્રતિપાળ બાળગણી રાખોછો સંભાળ ધણી,
પ્રેમ નિધી પ્રણુમીએ ચિત્ત ચર્ણું ધારીરે. વરદ. ૫

રાગ કલ્યાણ.

સુત્રધાર. (એકલો) શરદનું વર્ણુન કરેછે.

(સ્યામ ચરણુ સ્મરણુ મિત્ર સરસ રીત સાચી. એ ઢબે)

સર્વ સર્જનાર શરદ આદિ હર્ષકારી,
શરદની સમાન સુખદ શ્વેત મૂર્ત્તિધારી. ટેક.
શરદ રમ્યતા શું રચી રૂચિર[1] રૂચીકારી,
વિદોષે[2] વિશેપ ખુશકારી કલેશહારી. સર્વ. ૧
ભૂમિ ભલી ભાત છેક કાંસથી છવાઇ,
રહ્યું વિરલ[3] વાદળાંથી વાદળ સુહાઈ. સર્વ. ૨
એથી દિશો દિશ દિસે શુદ્ધ શ્વેત તાજે,
વિભૂ[4] વિભૂષિત[5] વિભૂતિ સમી વિરાજે. સર્વ. ૩
ખૂબ ખુબીદાર કુમુદ એકપાલ[6] માળા,

---

૧ મનોહર. ૨ રાત્રિ. ૩ સ્વચ્છ. ૪ સમર્થ તથા શંકર. ૫ શોભા આપનાર. ૬ માથાનાં ખોપરાંની માળા. આ બાબત એમ કહેવાય છે કે પાર્વતીના દરેક જન્મના મસ્તક શંકરે પ્રીતિથી ધારણુ કરેલ છે. આ માળા પોયણુની પેઠે સફેદ હોયછે.

અહા અહરનિશ ઇશ પૂર્ણ પ્રેમવાળા. સર્વ. ૪
શાંતિવાન કાંતિવાન શીશ શશિ[૧] સોહે,
એજ[૨] રાજી[૩] રજની[૪] પતિ જનની વૃતિ મોહે. સર્વ. ૫
જટા જાન્હવીથી[૫] ધવલ તેવી ગગન[૬]—ગંગા,
પાપ તાપ હરે શાંત રૂપ સુખકંદા. સર્વ. ૬
શંભુ અમને રહી સહાય રક્ષજો સદાઈ,
પ્રણમી એહ શાંતિકાર ચતુર ચીત્ત ચાહી. સર્વ. ૭

રાગ આશાગોડી.

સરસ પવન સુખદાઈ શરદનો સરસ પવન સુખદાઇ. ટેક.
પયફીણુ[૭] શા શશી કીરણુ વિશે, ઠીક ઠરી ઠંડકાઇ, શરદ. ૧
પથરાએલ સ્થળ સ્થળ એ પટને, વીંધનાર જે ધાઇ. શરદ. ૨
ભોગી ભ્રમરને ભમાવનારી, સુરભીની[૮] સ્વરૂપાઇ. શરદ. ૩
શ્વેત પોયણીના પરાગ રજને, ઉડાડે અકળાઇ. શરદ. ૪
રૂપા રસ સમ નિર્મળ જળના, ધોધ પડે જે ધસાઇ. શરદ. ૫
મોતી સરખા જળકણ છાએ, ત્યાંથી વહે પ્રસરાઇ. શરદ. ૬
સુધાઈ સરખી ચાંદની વિશે, સુધા સમ એ સોહાઇ. શરદ. ૭
આનંદી ઉત્સવ રૂપે એ થાતો, સકળ જીવની જીવાઇ. શરદ. ૮
(નવરાત્રીના ગરબાના બાળાઓના મુખથી મધુર ગીતો સાંભળીને તથા તેનાં ટોળાંને જોઈને).

---

૧ ચંદ્ર. ૨ એજ ચંદ્ર. ૩ શોભી. ૪ ચંદ્ર. ૫ ગંગા. ૬ આકાશમાં તારાના તેજનો જથ્થો છે તેને આકાશ ગંગા કહેછે. ૭ દુધના ફીણુ જેવા. ૮ ખુશબોની.

ગિતિ.

સરીઆ સરખા લાંબા, કીરણો ચોદશ દિસે રહ્યા છાઈ;
તાતા અદભૂત રસના, પીંજરમાં શું બાળ સૌ પુરાઈ. ૧

નટી (પ્રવેશ કરીને) **ગિતિ.**

છાઇ બાળા ફરવા, ગરબાના કીરણો ગરે જાણે;
જગ જનિતા મહિ અંગે, રૂઢી કેરા વિરસરે પ્રમાણે. ૨

સુત્રધાર (નવરાત્રીનું વર્ણન કરીને) **ગિતિ.**

કળાવંત ખંતીને, નિજ કળાએ સુરસ સીંચવાને;
કૈં કરવો નથિ પડતો, આગ્રહ એ જગનીયમ રીઝવાને. ૩

(નટીના સુરનો દાખલો આપેછે)

શાર્દૂળ વિક્રીડિત છંદ.

ભાસે રૂપ અભાવ કોકિલ[1] ભલે, વાણી મીઠી ધારતાં;
જેના રૂપથી સદ્ય[2] મસ્ત પુરૂષો, આધીનતા ધારતા;
એવી તારૂણી[3] થાય તત્પર રહી, પ્રાબલ્યમાં સ્હાયની,
આપેક્ષા ધરી ભાવ પુજ્ય ભરીને, દાતા ગણી આયની. ૧

નટી (ઉદાસી ચહેરે કેટલીક વાર ભાષણ થયા પછી)

ગિતિ.

મનમાની પ્રીતિના, સુખથી ઉત્સવ સર્વ ખુશકારી;
તે વિન સુહર્ષકારી, દીવાળી પણ શોકજનક ભારી. ૧

(માટે હુંતો જઇશ એમ કહી જાયછે) (નિષ્કાંત)

---

૧. કોયલ. ૨ તરત. ૩ જુવાન સ્ત્રી.

પ્રવેશ ૨ જો.

(દીવાળીના ઘરનો રસ્તો તથા ઘર.)

ચંદ્રીકા. (દીવાળીને પોતાની તરફ આવતાં જોઇ.)

રાગ લાવણી.

{ ચીત્રરૂપ ચીત્ત બનમે છાજે, ચંપ વરણ રૂપ ચીતહારી;
{ પુરવ પુન્ય કીયે જીન કોટીક, સો પાવે ઐસી નારી. એ રાગ. }

ધીમી ગતીમાં બ્રહ્માકેરા, [1]વાહનનો કંઈ ભાવ વસ્યો;
ઈંદ્રવાહનના[2] ઊંચ[3] ભાગસમ, ઉર ભાગ દિસે ઉપસ્યો. ૧
શશિ[4] વાહનના લોચનનું કંઈ, ચપળપણું ચોપે ચડીઉં;
શશિ મુખીના લોચનમાં, તોપણ લાજતણું થાણું અડીઉં. ૨
શાંત ગરીબતા સંગ મધુરી, રંગ રસિકતા રહી રમી;
પ્યારી સખીના સર્વ અવયવે, લાવણ્યતા શું રહી ઝુમી. ૩
અહોપ્રભુ આ અર્જ ધ્યાનમાં, ધારી ધરી કરૂણા ઉરમાં;
મુજ સંતોષી શાણી સખીને, સુખણી કરવા અવસરમાં. ૪
જોગજ આણે જલદી જાગૃતિ, ધરી કરગરી ફરી વિનંતી કરૂં;
વિશ્વંભર સુખ ભર્ત્તા સઘળે, તુજવિન કયાં વિનતી ઉચરૂં. ૫

(દીવાળીને સાસરેથી તેડવા આવેલ મેમાનને લઘુચંદના ખબર પુછતાં ખબર આપેછે.)

સુખચંદ. **હરિગીત છંદ.**

ખામી હવેશું સુખની દામીન[5] એવી દેખીએ,

---

૧. હંસ, ૨. હાથી. ૩. કુંભસ્થળ. ૪. મૃગ. ૫ શોભા.

લઘુચંદની શું વાતજે લઘુચંદ તુલ્યે લેખીએ;
દીવાળીતો દીવાળી નહિકર આશ નોતી આટલી;
દેખાવમાં વિચત્રએ પ્રાલબ્ધ ફળ દે કેં વળી. ૧

પ્રવેશ ૩ જો.

(દીવાળીની બેઠક.)

ચંદ્રીકા. (દીવાળીને સાસરાની વાતો સાંભળતાં આતુરતા ભરેલી જોઈ મનમાં

હરિગીત છંદ.

એ નવીન યૌવન કેરી શરમે દબાવી રાખેલ જે,
મુજ સખીની ઉત્કંઠતા દેખાય દીવ્યજ ખેલ એ;
જયમ કાચ બિલોરી તણી શીશી વિશે ભરી કસ્તુરી,
રમણીક ભાસે એમ અંદર ભાવના શું માધુરી. ૨

(લઘુચંદનું ગજું સારૂં થયું સાંભળી દીવાળી પ્રત્યે.)

ગરબી.

ભાવઠ ભાંગી ભાગ્ય ફળ્યું મન ભાવતું જો,
સલુણી સખી લાખેણો લ્હાવો લાવતું જો. ટેક.
અતી અંગમાં ઉમંગ ધરી ઉમદા જો,
કરવો રંગ અહરનીશ સૌ જૂદો જૂદો જો. ભાવઠ. ૧
ઝળકદાર શણગાર સજી સામટાજો,
છવરાવવી સાસરે હોંશની છટાજો. ભાવઠ. ૨
છાટમ ગાજ બુટ્ટાદાર મખમલ તણાજો,

સારા વસ્ત્ર શરીર શોભાથી શોભાડવાજો. ભાવઠ. ૩
ઝણુકાર ઝાંઝરતણો ઝમકાવવોજો,
જેની પાસ તુચ્છ કલ હંસના રવોજો. ભાવઠ. ૪
માણીગર ચમકી ચીત્ત નજર માંડશેજો,
જરીક વારમાં ઉજમે ઘુમટો થશેજો. ભાવઠ. ૫
રંગરંગ તણા નંગ મહા મુલનાજો,
ઘરે ઘસશે કીર્ણું રંગી ભારી ભૂલનાંજો. ભાવઠ. ૬
લક્ષ્મી એજ તેજ એજ લ્હેર લાગશેજો,
સાસરીઆની પ્રીતિ પુનીત નિત્ય જાગશેજો. ભાવઠ. ૭
સાસુ સસરાનું વેણુ નહિ ઉથાપતાંજો,
સેવા તણો સરસ લાવ સ્નેહ સ્થાપતાંજો. ભાવઠ. ૮
મીઠી રસોઈ કરી ધરી સુઘડાઇ મહાજો,
સસરા સાસુ જીવણને જમાડવા અહાજો. ભાવઠ. ૯
નમણી નમણા કાજ માંહી નમણું ધરેજો,
સારપણું સ્નેહ વરસશે શું તુજ પરેજો. ભાવઠ. ૧૦
શરમથી ભરેલ નેત્ર હરણુ નીસમાંજો,
નેન નેહથી વરસશે પીઉ નેનમાંજો. ભાવઠ. ૧૧
ચારૂ[1] મુખ ચંદ્રને વિલોકી ચાહશેજો,
ચકીત થઇ ચકોર હર વખત રીઝશેજો. ભાવઠ. ૧૨
મોલવી[2] કનક વરણી[3] દેહ દેખી મોહશેજો,
સદા રંગથી ભરેલ સંગ સોહસેજો. ભાવઠ. ૧૩
પલંગે પરાણે પતિ પ્રીતે ખેંચતાંજો,

---

૧ સુંદર, ૨ મુલવનાર, ૩ સોનાવર્ણી.

ઉજાગ આપશે નયન કંઇ મીંચતાંજો. ભાવઠ. ૧૪

વિધા વિનોદની આવી તારા વેતમાંજો,

ખુશકારી થશે ચતુરાઈ ખાંતમાંજો. ભાવઠ. ૧૫

રસીક વાતથી રજની[1] રમતે જશેજો,

સલુણી સર્વ સુખનો અનુભવ થશેજો. ભાવઠ. ૧૬

મદદ કરી પ્રભુએ અચાનક અહાજો,

પ્યારી પાડમાનુ પ્રેમથી એનો મહાજો. ભાવઠ. ૧૭

લાવણી.

લોધર[2] ફુલના પરાગ રજથી રૂચી ભર્યું મુખડું રાજે,

કૃષ્ણા ગુરૂના તેલે ભીના કેશથકી ભ્રમરો લાજે. ૧

લજવે બિલોરને પણ તેજે, એ અંગે અત્તર મ્હેકે;

બત્તીનો બહુ બહાર મચેલો ત્યાં બહુ લ્હેકે લ્હેકે. ૨

કોચ પરે મખમલ બીછાને માણીગર મોજે બેસે;

બીલોરી પ્યાલા પુષ્પ મધુથી ભરતાં પ્રીય કરથી લેશે. ૩

કપડાંને સંકોચાવે વળી શીત પવન પેઠે સલુણો;

શીત રૂતુમાં સુખકારીએ લહાવ રહે પછી શું ઉણો. ૪

(આથી દીવાળીનું મન તદન લીન થએલું જોઇને)

---

૧ રાત્રિ, ૨ હેમંત રૂતુમાં એ ફુલ થવાનું વર્ણવ્યું છે.

ગિતિ.

રંગભરી રામાઓ[1], રજનીમાં પતિ અંગ સંગ રાજી[2];
ટાઢ તણું બળ હઠવે, રઢિઆળાથી રહી સદા રાજી[3]. ૧
સ્વામી સ્નેહથી અંગે, અભ્યંગેથી પણ અધીક ઓપે;
શોભા એજ ખરી જે, શણગારની શોભાય ભવ્ય ચોપે. ૨

ગિતિ.

દીવાળી. (મનમાં)

પ્રીતિ પ્રેરે પતિ પાસે, હડસેલે આ અહીં અસંભવતા;
હાલે જેમ હીંડોળો, હાલે તેમ મન તણા ન્હાલ થતા. ૩

પ્રવેશ ૪ થો.

(વિલાસપુરીના પાદરમાં).

ગિતિ.

ચંદ્રીકા. (મનમાં)

લેલાટ પીળે શોભે, અફશોષી મુખ ભલે અરે મુંદે[4];
અંદર રાગ ભરેલો, આજે એજ બહાર બ્હાર શું દે !. ૪

જોશી. (શુકનમાં છાશવાળીને જોઇને મનમાં)

વટલોઇથી વટશે, સુખસું છળતાં છાશ આશ વિશે;
હરિ ઇચ્છાતે હોશે, પણ ખોટા દેખાવ સાવ દીસે. ૫

---

૧ સ્ત્રીઓ. ૨ શોભી. ૩ ખુશી. ૪ મર્દન.

કમળા ગજલ.

શિલની સુંદિરતાઇ નીતિની નિશાળ;
સાસરીઆના સ્નેહ તણું ગેહેજ વિશાળ. ૧
શરમતણો ધર્મ ધર્મતણું પરમ ધ્યાન;
પ્રીતિ તણી રીતિ રીતિ તણી શ્રેષ્ટ સાન. ૨
પોષણુ પામતો હમેશ જેહથી સંતોષ;
દીવાળી સુંવાળી તેવી બાઈ નિરદોષ. ૩

હીરચંદ (દીવાળીને આર્શીવાદ આપેછે) **શિખરીણી વૃત.**

સદા સારૂં પામો, પતિ સદનમાં દિવસ પ્રતિ;
વિશેષે વિરામો, પતિ તણિ સુપ્રીતિમય વૃતિ;
અહીં તેવા ત્યાંહી ગુણ ગરજજો નામની સમા,
બધા કામે એની અનુકુળ હજો ઇશ્વર સદા. ૧

કસ્તુર શેઠ (સુખચંદ પ્રત્યે) **શિખરીણી વૃત.**

ધારોછો જે રીતે ઉર થકિ પ્રિતી સેવક પરે,
કૃપાથી તેવી તે અહરનિશ રાખો અતિ ઉરે;
સદાએ સોહાગી શિર મૂગટ છોજી અમતણા,
તમારાથી છૈએ નકિ જગત્માં ઉજવળ ઘણા. ૨
વિનંતી આ મારી ઉર શુભ સગા એટલી ધરો,
કીધેલા સાથે આ અનુગ્રહ વિશેષે વળિ ભરો;
દીવાળી તો મારૂ મન તદન જે બાળક મને,
તમારૂ એ બચ્ચું ગુણ નિધિજ સંભાળ તમને. ૩

દીવાળીની મા **રાગ. રામગ્રી.**

કુંવરી કુંવર મારા લાડકાં (એ રાહ) ટેક.
સુખચંદ કેજો આ વિનતી, પુંજીબાઇને જરૂર;
દીવાળી બાળક છે હજી, અચુક લેશો એ ઉર. સુખચંદ. ૧
કાજુ બને ન કામકાજતો, શીખામણ દઈ સારી;
શીખવશો સરવ રીતથી, દીકરી ગણીએ તમારી. સુખચંદ. ૨
કુળ રીતીની મરજાદને, બોલવાનો વિવેક;
સર્વ રીતે સમજાવશો, નીભાવશો નેક. સુખચંદ. ૩
અમે તો અહીં વેગળા છીએ, સાચા માવતર છોજ;
ભુલ પડે ભુલશો નહિ, કહુંછું લહાવો તોજ. સુખચંદ. ૪
સર્વ રીતે તમારા છીએ, વિનતી માનજો મારી;
સચવાશે સ્નેહ ભાવથી, બાળકડી આ પ્યારી. સુખચંદ. ૫
હેત મહેરબાની જેવી રીતે, અમપર રાખોછો રોજ;
તે પ્રમાણે પુરેપુરી, રાખશો હરરોજ. સુખચંદ. ૬

દીવાળી **સીતાના મહીનાનો રાગ.**

મારા ઉચાટ કેં પિતુ માત, કોયદી કરશો નહિં;
બેન ચંદ્રીકા લેજે સંભાળ, (હૃદય ભરાઇ આવવાથી બોલી

દીવાળીની મા શકી નહીં) ૧

મારો પ્રાણ અચુક આ વાર મને છોડી જાયછે;
પુરા પ્રેમે લડાવેલ લાડ, આરે તજાયછે. ૨
ઇશ્વર ઇચ્છા તો તેડશું વેહેલી, રૂવે ના ઘેલી થઇ;
મારી જાઇ ખમા તુંને બેન, ચેન મારૂં રે સહી. ૩

શાણી શીખામણ શું હોય, તુંને કોય વાતની;
શાંતી પામવા સુખથી જરૂર, આંતરડી માતની. ૪
સુખકારી સમાચાર બેન, મોકલતી રેજે સદા;
એજ ઇચ્છા શું સુખની રેલ, ભુલીશ નહિ કદા. ૫

ચંદ્રીકા. (દીવાળી પ્રત્યે)

બેન રમતમાં આનંદથીજ, દીવસરે શું જતો;
વિયોગે આ મંગળ વખ્ત, આનંદ આબાદતો. ૬
મારા ઉર આનંદ વેલ કેરી, શોભા તુજ પત્રછે;
માટે હરનીશ રાખી યાદ, મોકલવા અત્ર તે. ૭
બેન દીવાળી દીલ માંહ્ય, કરવા નહીં કોય દી;
દાદા કાકીના લેશ ઉચાટ, હુંછું ત્યાંસુધી. ૮
ત્યાં મુંઝાવું નહિ કોયવાર, કામ કાજમાં જરી;
ઓપટી[1] આવેતો પ્રભુ કેરી, સ્હાયે યુક્તી ધરી. ૯

દીવાળી. (ગાડીમાં બેસીને)

રાગ ઓખાહરણ.

ગાડીનો વેગ શું રે જણાએ, ધરા જાણે સામી ધાએ;
માણીગરના મેળાપના ધાટે, મદદ કરતી જતી એક માટે. ૧

પ્રથમ અંક સમાપ્ત.

---

૧ અકળામણ.

અંક બીજો—પ્રવેશ પેહેલો.

રાગ આશા ગોડી.

દીવાળી. (રસ્તે જતાં મનમાં)

કામ ઉદ્દીપન[1] ટાણું, મનોહર કામ ઉદ્દીપન ટાણું. ટેક.
પશ્ચિમ દિશ પ્રિય મીત્ર મલ્યાથી, થઈ અનુરાગનું થાણું મનોહર. ૧
માળે મહાલતાં પક્ષીઓ આવે, ગાતાં ગમતી ગાણું. મનોહર. ૨
મીન[2] તળાવે ચોગમ ચળકે, કામ દિપક પ્રમાણું. મનોહર. ૩
સમય સુચવે સોહાવાનો, દંપતિ કેરૂં નાણું. મનોહર. ૪
પોયણ ખીલવા થઈ તૈયારી, ભ્રમર મન જ્યાં ભરાણું. મનોહર. ૫
ગાન કરે કામનું વળી કેછે, રમોજે રંગે રમાણું. મનોહર. ૬
શીત પવન તન પરશીદોરે[3], ઉતાવળે ઉરજાણું. મનોહર. ૭
દેખાવ દીસે એવો સોહાગી, લેવા લાખેણું લાણું. મનોહર. ૮

રાગ ઠુમરી.

રવચંદ. (પુંજી પ્રત્યેક વધામણી)

કાકી આવે વહુ જુવો પેલી; તેજે રથને દીધો રેલીરે[4]. કાકી. ટેક.
જરીઆની જ્યાં, સાડી ઝળકતી; મોતી ઝીનારી મેલીરે. કાકી. ૧
લાલ લીલમ પોખરાજ પીરોજા; રતન કીરણે રસેલીરે. કાકી. ૨
સોને મઢેલા નંગ સોહાતા; હીરા કેરી હવેલીરે. કાકી. ૩
અજવાળું કરનારી એ આવી; અંધારાને ધકેલીરે. કાકી. ૪
લક્ષ્મી સરખી લડહડતી વળી; જેવી હીરની ફેલીરે. કાકી. ૫
ફીકર ટળી સૌ ઘરધંધાની; સુખી અવસ્થા છેલીરે. કાકી. ૬
કરમ તમારૂં કથવું શું કાકી; બાકી હવે ન રહેલીરે. કાકી. ૭

---

૧ પ્રગટ કરનાર. ૨ માછલાં. ૩ પરસેવો. ૪ ભરી.

જાણું કંગશીઆ સાટે કરવી; જોઈએ હેલ ભરેલીરે. કાકી. ૮

પ્રવેશ ૨ જો.

(લઘુચંદની મેડી)

દીવાળી **શિખરીણી વૃત.**

અરે મારૂં કેવું, નશિબ દિન પુરા નવ ખસ્યા,
અહો રાહા જોઈ તદપિ હજી એવી અવદશા;
અરે કેવો પામી, વર અબુઝ[1] ને કેવળ [2]શિશું,
ખરે એથી કોદી, કયમ કરિજ રીઝે મન કસ્યું. ૧
પટાવીને[3] કાઢયો, અહિ લગિ કરી યત્ન અતિશે,
નહિ તોયે દેખી સમજ કશીં જેના દિલ વિશે;
પુરા પ્રેમે મેંતો, રમણિક રૂડો હાડજ કર્યો,
નિહાળ્યું ના તેતો, ઉંઘ મુધ પલંગે જઇ પડયો. ૨
કર્યા હાવો ભાવો, વિવિધ વળિ યુક્તિ અતિ કરી,
કસ્યુંએ ના જાણ્યું દિલ કયમ રહે ધીરજ ધરી;
ભુંડે મોઢે ભાળું, શરિર અતિ કાળું મશ થકી,
વળી તે સાથેરે, ગડ ગુમડ ને દાદર નકી. ૩
બુરા બ્હેકે કોણ્ણા, અનનીં સમ માથું ફરી જતું,
અરે તોએ તેની, ઉપર દિલ પ્રિતેથી વળતું;
વિચારો કે કુડો, કયમ કદિ ધરૂં અંતર વિશે,
પિતા માતાએ જે, અરપણ કર્યો તે મુજ શિશે. ૪
પરંતુ આ આજે, મદન[4] પજવેછે અતિ [5]તને,
કરૂં શું હાવે હું, પ્રિય પતિ બચાવો પ્રિય મને;

---

૧ અજ્ઞાન. ૨ બાળક. ૩ ફોસલાવી. ૪ કામદેવ. ૫ શરિરે.

અરે એ આકાશે, વસિ પિડ દીએછે [1]નિશિપતી,
અમો રંકોને તું, ધિક અધમ પાપી તુજ મતી. ૫
વિચારી જો જેથી, ઘટિત થઇ શિક્ષા ક્ષય તણી,
તથાપિ આ પાપી, પિડક છુટતી ના મતિહિણી;
અરે આ મેડીમાં, થયું અધિક શું તીમર[2] હવે,
નકી શું રે લાજ્યો, દુષિત મુજના દુઃખીત રવે. ૬
અરે નાના એતો, શિવથકી સુતાતો ભસમમાં,
નકી એ કામગ્ની, ઉછળી ઉઠતાં આ સમયમાં;
છવાઇ એ લક્ષ્મી, યહ થકિ અતિ ઝાંખપ દિસે,
અરે આ શું ટેવું, ભ્રમિત થઇ ખાસા ધુપ વિશે. ૭

(દીવાળી વીલાપ કરેછે). **રાગ બણજારા.**

પ્રભુ ગમે તે મનમાં ધારી, વિધિની ગતિ સૌથી ન્યારી. ટેક.
શું ધાર્યું હતું શું બનીયું, રે શું શણગારથી બની હું;
આ મણીઓ સર્વે અકારી. વિધિની. ૧

કથી તે સુઘડતા ક્યાંછે, વળી શું ચતુરાઇમાં છે;
જોઇ જોઇને જાઉંછું હારી. વિધિની. ૨

આમાં ક્યાં વિદ્યાનો વાસો, ક્યાં છે અભિલાષજ ખાસો;
રે વિલાસની તો ખ્વારી. વિધિની. ૩

ક્યાં નવ યૌવન આ મારૂં, શું તુરંગ ઉપડે વારૂ;
ક્યાં ઉમર બાલ બિચારી. વિધિની. ૪

ફુવડના મેલની ભરતી, અથવા તો કીચડ મુરતી;
સુરતી આ તો જોઇ ભારી. વિધિની. ૫

---

૧ ચંદ્રમા. ૨ અંધારૂં.

સૌ વ્યર્થ અત્તર ખુશબોઇ, રેહેવું હવેરે ઈશ્વર રોઇ,
ધારણા સૌ ધુળમાં ધારી. વિધિની. ૬

થયા હાવભાવ સૌ વ્યર્થ, સમજે નહિ કંઇ એ અર્થ;
કયમ સરે અર્થતા સારી. વિધિની. ૭

કર્યા કામ ઉદ્દીપક કાજ, ઉલટાં કનડે તે આજ;
થઇ હાય અવદશા મારી. વિધિની. ૮

આજ સુધી તો મનડું ખાળ્યું, જે આગળ બનશે સારૂં;
કયમ પ્રતિતી[1] આવે સારી. વિધિની. ૯

નવ સમજે અરધું એનું, શું કરવું ઈશ્વર એનું;
એક [2]યાચ્યું સહાય તમારી. વિધિની.૧૦

પ્રવેશ ૫ મો.

(લઘુચંદનું ઘર)

દીવાળી. (ચોરીનું તહોમત આવવાથી અફસોસ કરીને).

રાગ બનજારા.

પ્રભુ શું અપરાધછે મારો, ઉલટો અહ! આળનો ભારો. ટેક.

પ્રભુ શુદ્ધ સદા હું વરતી, તોપણ થઇ પડીરે નરતી;
દુખનો દીન દીન વધારો. ઉલટો. ૧

હું આબરૂદારની પુત્રી, હાય! ચોરી માથે ઉતરી;
પ્રભુ ધીક બન્યો જન્મારો! ઉલટો. ૨

પ્રભુ ટામણી શું પણ મણીઓ, કરોડો મુલથી એ ઘણીઓ;
પણ ગરેશું મુજ વિચારો! ઉલટો. ૩

સાસુડી ખૂબ દૂખ આપે, ચબરક નણદી સંતાપે;

---

૧ વિશ્વાસ. ૨ માગું.

ચડતો સસરો વળી ન્યારો! ઉલટો. ૪

જૂઠા જૂઠા કજીઆ ઉઠાવે, આમાં જીવવું કેમ ભાવે;
હાય લાત્રે હવેંરે આરો! ઉલટો. ૫

ગયો હાર તેને નથી રડતી, દીધે ખુશી મનમાં વધતી;
પણ જતો અરે પતિઆરો. ઉલટો. ૬

હવે મુંઝાઉછું પ્રભુ અતિશે, સુજે નહિ એકે દીશે;
કંઇ સહાય કરીને ઉગારો. ઉલટો. ૭

માટે પ્રભુ વિનતી આ મારી, આ કલંક જુઠ નિવારી;
લાવે કંઇ દુખનો આરો. ઉલટો. ૮

પ્રવેશ ૬ ઠો.

(એકાંત વાસ)

દીવાળી. (ચોરીના આળને લીધે સાસુ તથા નણંદે માર માર્યો તેથી વિલાપ કરેછે.)

રાગ લાવણી.

જોડી તમે નવ જોઈ માડી, જોડીરે તમે નવ જોઈ માડી.
(એ રાગ)

સહાય કરો સૃષ્ટિપાલ મારી, (૨),રે! શું! મારો અપરાધ,
કિંકરી[૧] થાય દુખી તારી. ટેક.

આવું કુળ ક્યાં જોયું મારે (૨), અરે હત્યારી ઝેર ન મળીયું
જન્મ થતાં વારે. સહાય. ૧

કુલીનતા કેવીરે માડી (૨), અહહ!! કળાપો કુસંપ સંગે આ-
ળ જૂઠા દાડી. સહાય. ૨

---

૧ દાશી.

હું તો અબુઝ[1] હતી માત, (૨), કસાઇને ઘર રંક ગાય દિધિ ક-
રવાને ઘાત. સહાય. ૩

જોડી જોઇ અબુઝ[2] વરનીરે (૨), જોઇ જોઈને હરનીશ ભર-
વા અરે! નેત્રનીરે. સહાય. ૪

આવીને સુખડું નવ દીઠું (૨), સાસુના સંતાપની સાથે ન-
ણદી કહે [3]પીઢું. સહાય. ૫

સાસુ બોલે બોલ કટુતાતા (૨), વિભો !! નણદી ચબરક બો-
લ ક્યાંથી હોય મુજને સુખસાતા. સહાય. ૬

હમેશાં માર અને ગાળો (૨), અરે પાપણી માત ખચીત તેં
ભવ મારો બાળ્યો. સહાય. ૭

માડિરે હવે ક્યાંય જાઉં (૨) હાય હાયરે અધમાધમરે આ-
ળ શિર આવ્યું. સહાય. ૮

પુરો કંઈ તપાસ નવ કીધો (૨), અરે હાયરે હાડજ દુખે
માર મને દીધો. સહાય. ૯

ગણુંરે મોત આથી સારૂં (૨) કેમ બનેરે માગ્યું મળતાં ભા-
ગ્ય ભલું ધારૂં. સહાય. ૧૦

દોષ સૌ ગણું તો મા તારો (૨), ઉચ્ચ ગણીને નીચ સ્થળરે
કર્યો જોગ મારો. સહાય. ૧૧

સંસારનો લાવો નવ લીધો (૨), રે હત્યારી માય ભવ તેં મા-
રો બાળી દીધો. સહાય. ૧૨

વિચાર તેં નવ કીધો માતા (૨), પરણાવી અબુધ કંથ બની
તું મારી દુખદાતા. સહાય. ૧૩

સૃંગાર નવ સજીઓ કોઈ દહાડે (૨), રે જોઇ અભાગી [4]કાંન્ત

૧, બાળક. ૨ મુરખ. ૩ સખત. ૪ પતી.

શાંત થવા નેત્ર આંસુ પાડે. સહાય. ૧૪

ખાન ને પાન કોરે મુકયા (૨), આ યૌવનવાડી તણાં માળી
વીણ પુષ્પ[1] બધાં સુકયાં. સહાય. ૧૫

વારી[2] કદી ભરવાને જાઉં (૨), (ત્યાં) થાય કંથ તણી ચરચાય
તેથી હું મરવા દીલ ચાહું. સહાય. ૧૬

ભણાવી જ્ઞાન કેમ દીધું (૨), હાહા!! દઈ હાથમાં ગોળ મા-
ત તેં માથું વાઢી લીધું. સહાય. ૧૭

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો—પ્રવેશ પેહેલો.

સ્થળ—એક જંગલ.

દીવાળી (ખોડા તથા કચરાનો ઘાત થએલો જોઈને તથા લુટારૂ-
ઓના ભયથી થરથર કંપતી).

કવિત.

આંખ તો તરેડે વળી મુખથી બરેડે હાય,
કાળ શું ગરેડે દેખી દેખીને છળી મરૂં;

ચળક ચળક હાય! તરવાર ધારદાર,
સબાક કરતી ચોટે રૂધીર વહે નરૂં;

પડાપીટ મચી ખૂબ, ઉડે લડે પડે ધૂબ,
દોડોરે!! મામાજી તમે જોઇ શું રહ્યા પરૂં;

ગયો કે જવાનો અરે!! જીવડો જરૂર એનો,
હાય! હાય કંપું છું રે!! બચાવો કોઈ ખરૂં!! ૧

---

૧ પૂલ. ૨ પાણી.

વસંતતિલકા વૃત.

શિકારી ઠાકોર (દીવાળીને શુધીમાં લાવીને મનમાં).

આવ્યો અહિ લગણ આજ શિકાર માટે,
તો પામિઓ જલદિ મોજ શ્રીકાર[1] સાટે;
પ્રારબ્ધ કેવું મુજ કેરૂં પ્રતાપી પૂરૂં,
સાથેય લક્ષ્મી રહ્યું શુંય હવે અધુંરૂં. ૧

આહા! મળી અમર અંગના શું મને એ,
કેવું સ્વરૂપ નમણાઈ ભરી તને એ;
સાક્ષાત એહ ઉમદી રતિ મુર્ત્તિ ભાસે,
આથીજ કામનણું સાર્થક સર્વ થાસે. ૨

પ્રવેશ ૨ જો.

વસંતતિલકા વૃત.

ઠાકોર (દીવાળી પ્રત્યે)

જેનાથી ઉત્પતિજ આ જગની વધી છે,
જેનાથી શકિત સઘળી જગની બધી છે;
એ કામ કેરૂં પ્રતિપાલન જો કરે તો,
જીવીતદાન ફળ પુરૂષ સઘ લે તો. ૧

દીવાળી **વૈતાળીક વૃત.**

અહરે! પ્રભુ ઓ પ્રભુ પ્રભુ! કરરે સ્હાય અરેવિભુ વિભુ;
મુજની ગતી શી હવે થશે, મદને વ્યાકુળ ક્રુર આવશે. ૧
પ્રભુ જન્મ થતાં મરી ન હું, અહરે! સાર વિપત્તિ આ સહું;
પડિઆં કદીરે દૂખો નરાં, પણ આપાસ બધા કમી ખરાં. ૨

---

૧ ઉત્તમ પ્રકારની.

હરરે! અહહા! હરેહરે!!! બચવી લાજ સમો બુરો ખરે;
સટકું પણ તેવી સોઇના, તુજરે વિન સહાયો કોઇ ના. ૩
પ્રભુ તુંજ હવે બચાવ તો, નથી વિચાર હવેજ સુજતો;
પ્રતિપાળકરે પ્રભુ તમે, કરતા રક્ષણ દીનનું સમે. ૪
બહુ કિંકરને બચાવિઆ, દ્રુપદીને પ્રભુ સ્હાયરે થયા;
બિરદ વળી શું વદું પ્રભુ, કરરે સ્હાય દયાળુ તો નભુ. ૫
દિન બાળકી તુજ આશરે, અહ! આ વાદળ દુઃખનું હરે;
બચવે મુજ લાજ કાં અરે, જીવડો જલ્દી કૃપાનિધી હરે. ૬

વીલાસરાય **ગીતિ.**

શશિ કીરણને વિશે, સ્વાદ વિશેષે હશે કહો શેમાં;?
ત્રીય અધરામૃત પાને, અથવા મદિરાપાન કરી તેમાં. ૧

વિષયાનંદ **શાર્દૂલવિક્રીડિત છંદ.**

જેની કોમળ જાંઘ કેળ સરખી, એ સ્ત્રીથી વિલાસને,
તેના નેત્રજ તુચ્છ તેમ ચળકે, ઉત્કૃષ્ટ દારૂ અને;
દારૂના ઉદાર મીત્ર ત્રણ આ, ચીજો મળી જેહને,
પુરોતો નર ભાગ્યશાળી ગણુંછું, છે ધન્ય બા એહને. ૧

મદ્યપી **વસંત તિલકા વૃત.**

આ શૃષ્ટિમાં સુખદ સર્વથી સ્વાદ વાળી,
દારૂ સમાન બીજી વસ્તુ જરી ન ભાળી;
એથીજ સ્વાદ ગ્રહવા શશિએ ખુચ્યો છે,
જુઓ જુઓ ઉજળી કાંન્તોથી શું મચ્યો છે. ૧

પ્રવેશ ૩ જો. (વન)

સાખી મલાહર રાગની.

દીવાળી (અહીંથી ભાગી જંગલમાં એકલી)

ફડફડાટ પ્રભુ છે બુરો, ખખડાટે ડરૂં હાય!
શોધે છે શું કોઇરે !!! રક્ષા કરો જગરાય. ૧

ઠોંડા દેખી વૃક્ષનાં, માણુસ મન કલ્પાય,
શોધવા માટે ઠુંખડા. રક્ષા કરો જગરાય. ૨

ધબ ધબ પગનો કાનમાં, ધબકારો ધબકાય,
આવેશું કોઇ પુંઠે. રક્ષા કરો જગરાય. ૩

અરે વિકટ આ વન વિશે, અહિંથી આવી ચડાય!
બને ગતિ શી માહરી. રક્ષા કરો જગરાય.

રાગ વેરાવળ.

સુખ દુખ મનમાં ન લાવીએ. એ રાગ

એ મારી માડી ક્યાંગઈ, હા! તું એક ઘડીમાં,
અરેરે પડી હું એકલી, હાય દુખની સીમામાં એ મારી. ૧

હમણાં બોલતી ચાલતી, સંભાળતી મુજને;
પ્રેમ પૂરો દરશાવતી, માતા શું થયું તુજને. એ મારી. ૨

વનછે બુરૂ બીહામણું, જોઈ જોઇ ડરૂંછું માડી;
વિકાળ પ્રાણીથી અહીં, નથી કો કરનાર આડી. એ મારી. ૩

જેવાછે કોતર કરમાં, તેવી ઝાડી મચેલી;
દીશારે કોઇ નથી સૂજતી, હાય બનીછું ઘેલી. એ મારી. ૪

પાપી પૂરા સહુ પ્રાણીઓ, વરૂ વાઘને ચિત્તા;
ઘોર શબ્દ કરે ઘણા, ધ્રુજુછુંરે માતા. એ મારી. ૫

શિઆળ શોર કરે અતી, ફાલુ પણ ફફડાવે;
કાળના ઘરમાં પેઠીરે, હાય કોણ છોડાવે. એ મારી. ૬

સાપ ફુફવે ઘો ધુઘવે, થાય વળી બહુ નાદ,
જમ દૂત સરિખા બાઝશે, વોય હમણાં એકાદ. એ મારી. ૭

બચવું હવેછે દોહલું, ક્યાંથી મળવું તો હોય;

આશ ફીટીરે સહુ [1]હરની, [2]વંચી દુષ્ટથી તોય. એ મારી. ૮
ત્રાડ મારી કૂદી પડ્યો, કાળ સરખો સીંહ;
માતા હાથીએ પણ અરે, આશું પાડી [3]ચીહ. એ મારી. ૯
વેયરો આવ્યો એ હું પરે, સિંહ ગર્જી ધસ્યોરે;
હણી કે હણશે એ હવે, ઇશ્વર ઈશ્વર ઓરે. એ મારી.૧૦

પ્રવેશ ૪ થો. (બગીચો)

રંગીનદાસ (દીવાળીને બગીચાની અંદર સુતેલ જોઇ બગીચાનો માલીક રંગીનદાસ તેને જોઈ મોહીત થઈ)

રાગ લાવણી.

સજ્જનકેરે બાગમેં જાતી. (એ રાગની)

અજબ આ ઇશ્વરી માયા, ગજબછે રૂપ ગૂણ છાયા;
હશે શું અપ્સરા દેવી, જરૂર શુભ સુંદિરતા જેવી. ૧
આવી હશે !! ક્યાંથી અહીંઆ આ, કેશર વર્ણિ કુણી કાયા;
ભળ્યું મુજ ભાગ્ય નકી સારૂ, મળ્યું ફળ અમૃત અણુ ધાર્યું. ૨
અહા ! શું મુખશું શોભે, રસિકકું ચિતડૂં લોભે;
ગુલાબી ગાલ પુઞ્જ જેવા, [5]અધર [6]પરવાળ સમતેવા. ૩
તલનું ફૂલ તુચ્છ તેવું, નાક નૌતમ નગણ્યું કેવું;
સ્તનો નારંગી ખૂબી લોપે, પોયણ પાન [7]ઉદર ઓપે. ૪
[8]નાભી કમળ પરે નાજુકી, ડાળી સમ કર રહ્યો ઝુકી;
થોકે થોકે છે નમણાઇ, [9]કદળીશી જાંઘ સરસાઈ. ૫
આમ સહુ ઉત્તમતા ઉંચી, કામ [10]કૃતિ કેરી રૂડી કુંચી;
લટો મુખની પરકે પડીછે, ચંદ્રથી ઉપમા પણ ચડીછે. ૬

---

૧ મનની. ૨ ઠગાણી. ૩ રાડ. ૫ નીચલો હોઠ. ૬ લાલ. ૭ પેટ. ૮ ડુંટી. ૯ કેળ. ૧૦ ક્રીડા.

રકતપાનું ઉઝરડે અદકું, કમળપર દિસે મધુબિંદું;
આથી એ હશે કદી દુખણી, પ્યારીને કરીશ હવે સુખણી.' ૭
નહિ કાચપ કંઈ એ રાખીશ, ભેટીને અધર પાન ચાખીશ;
મળી અહા!!! રૂપતણી વેલી, સુતી કયમ પ્રીયા ઉઠ વે'લી. ૮

તેજાં હરિગિત વૃત.

(રંગીનદાસ જે અસ્વાર તેડવા આવ્યાથી તે તેજાં પાસે સોંપી જઇ તેજાં નીચે પ્રમાંણે કહેછે.)

ડુબ્યો આજ તાપ વિલાપમાં બંધુ તારો વિક્રમા દિતરે એ રાગે
આ જગતમાં જન્મી કરી, જો લ્હાવો ના લીધો જરી;
મોજીથી મરજી મુજબ મોજ, ન હાસ્ય વિનોદે કરી. આ. ૧
નહિ ભેટી ભાવે પુષ્પ [1]સય્યામાં, રસિક રંગીનથી;
તો [2]વૃથા વિશ્વની માંહી ઉમર એ સમી કોની નથી. આ. ૨
પ્રિય પ્રેમીનો [3]કર ઝાલીને, ફરવું ઝુલ્યા બગિચા વિશે;
બહુ નાદ મચતા ભ્રમરના, રૂતુ વસંતે સર્વે દિશે. ૩
જ્યાં કોકિલા[4] બહુ કુંજતિ, કેલી[5] કબુતરની થતી;
શાફલ્ય તો સોહાગણીની, ભાગ્યે કેરી છે રતી. ૪
ઋતુ વસંતની તુલ્ય આ, વિશ્વેનકો વા'લપ ભર્યું;
જુઓ વિચારી જગત આ સ્થળ, સ્થળ અનુરાગી કર્યું. ૫
વેલી તરૂપર મૂકીને, લહેકે કહે આવો અહીં;
મોજીથી કરવા મોજ [5]પ્રગદા, વખત નહિ આવો કદી. ૬
માટે ભૂલો તો અચુક [6]અબળા, ભાગ્ય માનું હું ખુરૂ;
લ્યો સુખ મન માન્યું મળીને, માનીનિ[7] શું ઉચરૂં. ૭
આવો ન મળશે શેઠ સંપત ભર્યો શોખીન કો,
સ્ત્રી જાતનું સુખ હું ચહું માટે ન ભોગવવો વખો. આ. ૮

---

૧ સેજ. ૨ ફોકટ. ૩ હસ્ત. ૪ કોયલ. ૫ ક્રીડા. ૬,૭ સ્ત્રી.

પ્રવેશ ૫ મો. (અશોકપુરીનું તળાવ).

દીવાળી પોતાના માબાપ પ્રત્યે

શેઠ સગાળશાહ સાધુને સેવે (એ રાગ)

આવી થઈ દશા મારીરે, ટુંકામાં કહું સંભારી; ટેક.
બાળપણાંમાં અગણિત સુખથી, ઉછેરી તેં માત;
સમજણ મળવા આ સંસારે, ભણાવી ભલી ભાત. આવી. ૧
હાય બુદ્ધિ તે સર્વ હણાઈ, ધૂળ મળી વિદ્યાય;
કષ્ટનું કારણ સુખ વિદારણ, કજોડાંના ઘાય. આવી. ૨
લાડ પાંમી હું લક્ષથી લાખો, થાતાં ઉમ્મર સુધી;
અતિ ઉમંગે વેળાવી સાસરે, ખેંચી નસીએ લીધી. આવી. ૩
માતા તેંય તેમ સર્વે એ માન્યું, મળશે હવે સુખ સારૂં;
ભમરાળી ભૂલી તેમ હુંએ, જાણતાં સર્વ નકારૂં. આવી. ૪
આમુઝ વરથી અગણિત દુખડાં, આળ ગાળ ને માર;
તેથી વિશેષે સાસુ નણદી, ઉતરતાં હદ પાર. આવી. ૫
ઘરમાંથી પીયુએ એક દિવસ, જૂગાર રમવા માટ;
ડામણી ચોરી લીધી નણદની, એથી વાળ્યોરે ડાટ. આવી. ૬
સાસુ નણદીએ એ ચોરી તો, મુજ ઉપર આરોપી;
માર માર્યો શું મુજને માડી, અરે અતિશે કોપી. આવી. ૭
સસરે પણ રોષેથી મુજને, મામાજી કેરી સાથ;
પીયર કાઢી પણ મારગમાં, ભીડી લુંટારે બાથ, આવી. ૮
ગાડીત, ભૈયા, મામાજી કેરા, ગોતી લીધા પ્રાણ;
આવી ચડયો કોઈ ઠાકોર તેણે, દીઠે વળિયો ઘાણ. આવી. ૯
લઇ ગયો તે ધીરજ આપી, જ્યાં પોતાનો બાગ;
ઇચ્છા બતાવી આપની એણે, જાણે મળીઓ લાગ. આવી. ૧૦

યુક્તિ કરી કંઈએ પાપીએ, પડી કેદમાં હુંય;
મુંઝાણી બહુ મનમાં માડી, હવે કરવું શુંય. આવી. ૧૧

રાતે દ્વારને ખુલ્લા મૂકિ આવ્યો, દારૂણ દૈત્યશો એજ,
દારૂ પીતામાં ઇશ કૃપાથી, ઢળી પડીઓ સેજ. આવી. ૧૨

બ્હીતી બ્હીતી ત્યાંથી હું સટકી, આવી ચડી મહાવંન;
બીહામણા બહુ બનાવ જોતાં, કાઢયા એમાં કૈદન. આવી. ૧૩

વનમાં એક બગીચો દીઠો, થાકી સૂતી ત્યાંય;
માલિક બગીચાના એ મુજપર, વાવર્યું બહુ બળહાય. આવી. ૧૪

દુઃખમાં ખામી નહિ પણ છૂટી, તેની ઓથી તર્ત;
ભમતાં ભમતાં, હું દુખણીનાં, પડી તળાવે સર્ત. આવી. ૧૫

કાને સાંભળ્યો શબ્દ પિતુનો, ચિત્ત દીધું મે ત્યાંય,
ચોરી કરાવેલ ધન સૌ લેવા, કુડા થયા ઉપાય. આવી. ૧૬

રગઝગ કરતાં વિના વાંકે, પેલા પાપીએ હાય!!;
આભુષણ સોહાગણ ઉપર, કીધો છરાનો ઘાય. આવી. ૧૮

બૂમ પાડી એ બાકળી દોડી, દીઠો નહિ મે પાપી;
અચાનકપણે આવી મુજપર, કુડી નજરરે થાપી!! આવી. ૧૮

દુઃખનું કારણ દુષ્ટ ધૂતારા, આપનારા સૌ બીક;
વિધવા કીધી એને માતા, જીવાડવો નોય ઠીક. આવી. ૧૯

માતા હવે પણ સૌ સુખ ઉડયું, આશા સર્વે શીટી;
કજોડું જોતાં સદૈવ આવી, દુખની દશા દીઠી. આવી. ૨૦

વીચારી તપાસી કરવું હતું પણ, બીજાના કથવાથીજ;
બાવરૂં બનવું નોતુરે માડી, મળશે હવે શું રીઝ? આવી. ૨૧

આમ અનેક દુખ પામી હુતો, કે'તાં ન આવે પાર;
જગમાં જીવી હવે શું કરવું, હાય મરવું છે સાર. આવી. ૨૨

કેશરબાઈ (દીવાળીએ કટાર ખાધેલી જોઇ પછી મૂર્છાવળતાં.

અચાનક આશો કોપ કીધો કીરતાર (એરાગ)

અચાનક આ શું કીધ, પ્યારી પુત્રી તેંય;

મ્હાસુખેથી મણાવેલી, કેવી હતી મેય — અચાનક. ૧
ધાર્યું નોતું થશે તારી, અવદશા આમ;
તરૂણ વયમાં સુખ, તજ્યાંરે તમાંમ! — અચાનક. ૨
દીધી હતી હોંશે કરી, ગણી કુળવાન;
સાસરૂં કમુળું હાય, નીવડ્યું નાદાન. — અચાનક. ૩
ખરે! ધીક! ધીક! બન્યા, કુડારે કૂલીન;
જેથી થઈ જાઇ મારી, મોતને આધીન. — અચાનક. ૪
અમારા પાપથી વેઠી, પીડારે વિશેષ!;
સંભારતાં સમાયના, શરીરમાં ક્લેશ. — અચાનક. ૫
અરે! બેની બોલ્ય, એકવારતો જરીક!;
ચોંપથી ચાલ્યારે જવું, કહેવાયના ઠીક. — અચાનક. ૬
પિતા તારા પ્રેમેભર્યા, તેને સારૂ બેન;
રહી નહિ માટે હવે, પડશે શું ચેન? — અચાનક. ૭
અરે! મારી લાડકી, લાડે ભરેલી ઘેલી;
હાય હાથે હણાઇરે, કુમલીએ વેલી. — અચાનક. ૮
અરે! તારા વિના હવે!, જીવાશે શી રીત!;
પ્રાણતું ચાલી ગઈરે, વિચારી શું ચીત્ત. — અચનાક. ૯
ગરીબડી ગુણભરી, સોજીલી આ બેંની;
શોધવા સંચરી, જગ્યાશું આપણ બેંની. — અચાનક. ૧૦
અરેરે!! સુણતુંછે શું!!, બોલવું તારૂં;
હતું ન્હોતું થવાનુરે!, ગણ્યું તે સારૂં! — અચાનક. ૧૧
હાય! હવે જીવવું શું!, એ! એ!! મારીજાઇ!!!;

મારગ કર્યો હશે ત્યાં, માતનોરે બાઈ!. અચાનક. ૧૨

લલિત છંદ.

ગજબ હાયરે, વોય એનડી!, વખત સ્વલ્પમાં, રે ઢળીપડી!!;
મુજપરે દયા, ઉરમાં ધરી; મધુરી માહરી, બોલરે જરી!!. ૧
ઉઠ અરે! ખરે, પ્રાણ માહરા, અવળ દૈવ્યરે, વોયરે! ખરા!!;
ફરીગઇ અરે! કારી ઘાઉરે, અરર! પુત્રીરે! હાય હાયરે!!!. ૨

ઠુમરી.

સર્વે પાત્રો મળી (મળેલ સભાસદોને વિનંતી કરેછે).
બીગરી કોન સુધારે, નાથ બીના બીગરી કોન સુધારે. (એરાગ).
સુણો વિનતી મારી સ્વદેશી, સુણો વિનતી મારી. ટેક.

દીવાળીની સમ આદેશે, બહુ સ્થળ બને ખુવારીરે;
માટે બંધ કરો એ મહાજન, ખાસીલાવી ખુમારીરે. સુ. ૧

કેર કરે એ કુળ કૂવામાં, વરનાગુણ ન વીચારીરે;
હડસેલે ગભરૂબાળાને, હાય રહી હત્યારીરે. સુણો. ૨

સાસુ નણદી બોજ બતાવા, વહુને દુખ દે ભારીરે;
વાંક વિના વઢવેડોવાવે, જગમાં કરવા નકારીરે. સુણો. ૩

જેમાં ન મળે વહુને એકે, બોલવા કેરી બારીરે;
તપાસ વિના મૂખ મનુષ્યો, ફોકટ દે ફીટકારીરે. સુણો. ૪

સ્વયંવરથી બાળા પરણે, એ રીત ઘણી સારીરે;
તેમ નહિતો લાયક વરથી, પરણાવવા નીરધારીરે. ૫

તોતો મટે ભવાઇ ભુંડી, સુધરે સઈ સંસારીરે;
અર્જ સ્વીકારો ચતુર ચહીને, હરદમ જે હિતકારીરે. સુણો ૬

સમાપ્ત.

દીવાળી દુઃખ સાગર. આ નામનું આખું પુસ્તક ટુંક મુદતમાંજ બહાર પડશે. જે હાસ્ય, કરૂણા, અને શૃંગાર રસથી ભરપૂર છે. તેમ સાર્વજનીક છે. અને આગળથી નામ નોંધાવનાર પાસેથી ૪ આના અને પછવાડેથી ખરીદનાર પાસેથી ૮ આના લેવામાં આવશે. કારણ પુસ્તક જણાવ્યા કરતાં ઘણુંજ મોટું થયુંછે.

ઠેકાણું-

श्री ज्ञान कुसुम पुस्तकालय

જામનગર.

સોનીબાનાં મંદિર નજદીક.

ઉપરને ઠેકાણે પોતાનું અથવા પોતાના મીત્ર વર્ગ જે હોય તેઓનું નામ નોંધાવી જવું અથવા પોષ્ટથી લખી મોકલવું.

સૌંદર્ય લતિકા.

☞ નજર કરો! અને જરા વાંચો !!!

લખવાને ઘણી દીલગીરી ઉપજે છે કે, આ પુસ્તક બહાર પાડવાને વાસ્તે અમે આજથી વરસ દિવસ ઉપર **હેન્ડબીલો** બહાર પાડયાં હતાં. પણ જેની અંદરથી ફક્ત ૧૫૦ ગ્રાહકોનો આશરો થએલ છે! અરે શું! હિંદુસ્તાનમાંથી શૃંગારરસ પણ સઘળા હુન્નરો સાથે ચાલતો થયો શું! અરે! શૃંગારને જાણનારાઓની સંખ્યા હિ-

વસે દિવસે ઓછી થતી હશે શું? ખરે! અમે તો એમજ ધારીએ છીએ કે, "શૃંગાર" તે શું? પણ કેટલાક નહિ જાણુતા હોય, ત્યારે નામ ભેદનું તો જ્ઞાન ક્યાંથી! પણ થોડી ઘણી અમારી પણ ભૂલ તો ખરી કે અમે **હેન્ડબીલો** કાઢયાં! કારણુ આજ કાલ એવું તો સારૂ જોવામાં આવે છે કે બિચારાં **હેન્ડબીલો**નું નામ. ઘણે દરજ્જે ઓછું થતું જાય છે! અને તે એટલે સુધી કે કોઇપણ પુસ્તકનું **હે-ન્ડબીલ** કોઈના પણ હાથમાં આવ્યુ તો એરંડીયું પીવા જેવું કસા-ણું મોઢું કરીને વાંચ્યા વગરજ ફેંકી દેછે!!! પણ તેનો કંઇ અર્થ સમજતા નથી. આ પુસ્તકનાં ઓછામાં ઓછાં આઠ પુસ્તકો દરેક સાત ફોરમથી પણ વધારેનાં થશે. અને તે દરેકની કીંમત પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી ફક્ત આઠ આઠ આના લેવામાં આવશે. અને પાછળથી ખરીદનારને તેથી દોઢી કીંમત લાગશે- પુસ્તક પુરતાં ગ્રા-હક થયે છપાશે. કેમકે—આ આવું રસથી ભરપૂર પુસ્તક છે, પણ કોઇ રાજથી, અમીરોથી, અથવા ઘરાકોથી તદન મદત મળ નથી એમ કહીએ તો ચાલે. કારણુ આ પુસ્તકાલયની એટલી ગ નથી જે આટલું ખરચ ઉપાડે. વધારે વીગત **દીવાળી દુઃખ** ઃ **શ**રના આખા પુસ્તકમાં આપશું.

હું છું લખનાર.

ज्ञान कुसुम पुस्तकालयना नागरोत्कर्ष सभानो मेम्बर.